# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-02-2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીનાં દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહેશે.**
2. **પોક્સો કેસમાં રાજ્યની વિવિધ અદાલતોએ સાત બળાત્કારીઓને આજીવન કેદની સજા ફટકારી.**
3. **શિક્ષણનાં અધિકાર- RTE અંતર્ગત પ્રવેશ માટે આજથી ઓનલાઇન ફોર્મ ભરી શકાશે.**
4. **આજે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસઃ એક મહિનાની ઉજવણીનું સમાપન અમદાવાદમાં ગુજરાત સાયન્સ સિટી ખાતે થશે.**
5. **આગામી ચાર દિવસ મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની હવામાન વિભાગની આગાહી.**

------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PRESIDENT GUJARAT VISIT

ગુજરાતની ચાર દિવસની મુલાકાતે આવેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીનાં ત્રીજા દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહેશે.

ભુજના અમારા પ્રતિનિધી હેમાંગ પટ્ટણી જણાવે છે કે , રાષ્ટ્રપતિ મુર્મુ આજથી બે દિવસ કચ્છની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ આજે બપોરે સ્મૃતિવન સંગ્રહાલય અને સ્મારકની મુલાકાત લેશે. બાદમાં ધોરડો પહોંચશે. જ્યાં રણ ઉત્સવ ટેન્ટ સિટી ખાતે કચ્છના સ્થાનિક કારીગરો સાથે સંવાદ કરશે. ત્યારબાદ રાષ્ટ્રપતિ ક્રાફ્ટ સ્ટોલની મુલાકાત લેશે અને સફેદ રણમાં રાષ્ટ્રપતિશ્રી સૂર્યાસ્ત નિહાળશે અને સફેદ રણ ખાતે ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

આવતી કાલે સુશ્રી મુર્મુ વિશ્વ વારસાના સ્થળ ધોળાવીરા સાઈટની મુલાકાત લેશે.

એક યાદીમાં જણાવવામાં આવ્યું છે કે , રાષ્ટ્રપતિની મુલાકાતને ધ્યાનમાં રાખીને આજે સ્મૃતિવન સ્મારક અને સંગ્રહાલય મુલાકાતીઓ માટે બંધ રહેશે. જે શનિવારથી રાબેતા મુજબ ચાલુ રહેશે.

દરમિયાન રાષ્ટ્રપતિ ગઈકાલે અમદાવાદ ખાતે રાષ્ટ્રીય ડિઝાઇન સંસ્થા-NIDનાં 44મા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા.

# POSCO CASE

રાજ્યમાં મહિલાઓ અને બાળકો પર વધતા અત્યાચાર , શોષણ અને દુષ્કર્મના બનાવો પર અંકુશ લાવવા એક જ દિવસમાં પોક્સો કેસમાં અમરેલી, વડોદરા અને રાજકોટ જિલ્લામાં કોર્ટે સાત મહત્વપૂર્ણ ચુકાદા આપ્યા છે. જેમાં સાતેય બળાત્કારીઓને આજીવન કેદની સજા ફટકારતા પીડિતાઓને ન્યાય મળ્યો છે.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ સાતેય કેસમાં તપાસ કરનાર પોલીસ ટીમના તમામ અધિકારીઓ અને કર્મચારીઓને અભિનંદન પાઠવતા કહ્યુ છે કે, પીડિતાઓને ન્યાય અપાવવા રાજ્ય સરકાર દ્વારા આવા ગુનાઓ વિરુદ્ધ કડકમાં કડક કાર્યવાહી થતી રહેશે. પોક્સો કેસમાં 3 વર્ષમાં અદાલતે 974 ચુકાદાઓમાં કડક સજા કરી છે. આ પૈકી 574 આજીવન કેદ અને 11ને ફાંસીની સજા કરી છે.

# STATE WILFLIFE

રાજ્ય સરકારની વન્યજીવ સંવર્ધન - સંરક્ષણ નીતિના પરિણામે ગુજરાતમાં વિવિધ પ્રજાતિઓની અંદાજે 5 લાખ 65 હજારથી વધુ વસ્તી નોંધાઈ છે. રાજ્યમાં એશિયાઇ સિંહ, નીલગાય, વાનર, કાળીયાર, દિપડા, સાંભર, ચિંકારા, વરૂ, ઘુડખર, સર્પ જેવા અનેક વન્ય પ્રાણીઓને ભયમુક્ત વાતાવરણ મળ્યું છે.

**(વોઇસ કાસ્ટ: મયુર સોલંકી )**

રાજ્યમાં તબક્કાવાર હાથ ધરાયેલી વન્ય-જળચર પ્રાણીઓની ગણતરી અનુસાર, રાજ્યમાં એશિયાઈ સિંહની સંખ્યા 674થી વધુ નોંધાઈ છે. જ્યારે 13 જિલ્લામાં 2 હજાર 217 ચોરસ કિલોમીટરના વિસ્તારમાં અંદાજે 222 વરૂનો વસવાટ જોવા મળ્યો છે. સમગ્ર દેશમાં એક માત્ર ગુજરાતમાં જોવા મળતા ઘુડખરની કુલ વસ્તી 7 હજાર 672 જેટલી નોંધાઈ છે.રાજ્યના 4 હજાર 87 ચોરસ કિલોમીટર દરિયાઈ વિસ્તારમાં અંદાજે 680 ડોલ્ફિન નોંધાઈ છે. વલસાડના ધરમપુર ખાતે કાર્યરત “સર્પ સંશોધન સંસ્થાન ”માં ૩૦૦થી વધારે ઝેરી સર્પોનું સંવર્ધન થાય છે.

**મયુર સોલંકી, આકાશવાણી સમાચાર, અમદાવાદ**

# GIR SOMNATH DEMOLATION

સોમનાથ રેલવે સ્ટેશન નજીક પોલીસનાં ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ડીમોલિશન હાથ ધરાયું હતું. શંખ સર્કલ સામે આવેલા રેલવે સ્ટેશન નજીક લાંબા સમયથી સરકારી જમીન પર ગેરકાયદે દબાણો હતા , જેને જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાની સૂચનાથી દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. 12 જેટલા આસામીને નોટિસ પણ મોકલવામાં આવી હતી.

આ અંગે કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ વધુ માહિતી આપી.

**બાઈટ : દિગ્વિજયસિંહ જાડેજા (ક્લેકટર-ગીર સોમનાથ)**

# RTE

શિક્ષણના અધિકાર - RTEના કાયદાની જોગવાઇ મુજબ ધોરણ 1માં પ્રવેશ માટે આજથી તારીખ 12 માર્ચ સુધી ઓનલાઇન ફોર્મ ભરી શકાશે.

આ વખતે 93 હજાર 527 બેઠકો પર પ્રવેશ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ફોર્મ ચકાસણી સહિતની કામગીરી પૂર્ણ કરાયા બાદ 27 માર્ચે પ્રવેશની ફાળવણી કરવામાં આવશે. નબળા અને વંચિત પરિવારના બાળકો પણ ખાનગી શાળામાં મફત ભણાવવા માટે RTE કાયદા મુજબ પ્રવેશની કામગીરી શરૂ કરવામાં આવી છે.

# GCCI SUMMIT

ગુજરાત વેપાર ઉદ્યોગ મહામંડળ- GCCI દ્વારા અમદાવાદમાં આવ તીકાલે સસ્ટેનિબિલિટી સમિટ 2025નું આયોજન કરવામાં આવ્યું છે. પર્યાવરણ જા ળવણી મુદ્દે જાગૃતિ લાવવા અને રાજ્યમાં સાતત્યતા અને ઔદ્યોગિક વિકાસ વચ્ચે સહયોગ પ્રસ્થાપિત કરવા મંચ પૂરો પાડવાનાં હેતુથી આ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગે જીસીસીઆઇના પ્રમુખ સંદીપ એન્જિનિયરે જણાવ્યું કે, 2070 સુધીમાં નેટ ઝીરો કાર્બન એમિશનનો લક્ષ્યાંક હાંસલ કરવા ઉદ્યોગો અને શહેરીજનોને પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. આ સમિટમાં ખાસ કરીને , સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો-MSMEને સશક્ત બનાવવા પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે.

# NATIONAL SCIENCE DAY

આજે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ છે. ૨૮ ફેબ્રુઆરી ૧૯૨૮ના રોજ ભારતીય ભૌતિકશાસ્ત્રી સર સી .વી. રમન દ્વારા રમન ઇફેક્ટની શોધના સન્માનમાં દર વર્ષે ૨૮ ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ (NSD) ઉજવવામાં આવે છે . આ વર્ષની વિષયવસ્તુ છેઃ "વિકસિત ભારત માટે વિજ્ઞાન અને નવીનતામાં વૈશ્વિક નેતૃત્વ માટે ભારતીય યુવાનોનું સશક્તિકરણ".

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી- ગુજકોસ્ટ દ્વારા 1થી 28 ફેબ્રુઆરી દરમિયાન રાજ્યભરમાં એક મહિના માટે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી. આ ઉજવણીનું સમાપન ગુજરાત સાયન્સ સિટી , અમદાવાદ ખાતે મુખ્ય રાજ્ય સ્તરીય કાર્યક્રમમાં પૂર્ણ થશે.

આ કાર્યક્રમનું પાટણ , ભુજ, ભાવનગર, રાજકોટમાં પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રો (RSCs) અને ગુજરાતના સામુદાયિક વિજ્ઞાન કેન્દ્રો (CSCs) અને દેશભરના અન્ય રાજ્ય વિજ્ઞાન અને ટેકનોલોજી જીવંત પ્રસારણ કરવામાં આવશે.

રાજકોટમાં આવેલું પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. અત્યાર સુધીમાં બે લાખ 78 હજારથી વધારે મુલાકાતી ઓ અને હજારો વિદ્યાર્થીઓએ આ કેન્દ્રની મુલાકાત લીધી છે.

# WEATHER

રાજ્યભરના લોકોને કાળઝાળ ગરમીમાંથી  આંશિક રાહત મળવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. રાજસ્થાનમાં સર્જાયેલા સાયકલોનિક સર્ક્યુલેશનને કારણે તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના છે. આ સાથે જ તાપમાનમાં આગામી ચાર દિવસ દરમિયાન ધીમે ધીમે ત્રણ ડિગ્રી સેલ્સિયસ સુધીનો ઘટાડો થઈ શકે છે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ. કે. દાસ વધુમાં માહિતી આપી રહ્યા છે ....

## (ડૉ. એ. કે. દાસ- બાઈટ)

રાજ્યમાં છેલ્લા એક સપ્તાહથી કાળઝાળ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે ત્યારે પાંચ શહેરોમાં મહત્તમ તાપમાન 38 ડિગ્રી સેલ્સિયસ કે તેથી વધુ નોંધાયું હતું જેમાં સૌથી વધુ   38.7  ડિગ્રી મહત્તમ તાપમાન રાજકોટમાં  ,  અમદાવાદ અને વડોદરામાં 36.8 ડિગ્રી, સુરતમાં 38.4 ડિગ્રી સેલ્સિયસ  મહત્તમ તાપમાન  નોંધાયું હતું.

હવામાન વિભાગે જણાવ્યું છે કે,  આગામી 24 કલાક દરમિયાન વાતાવરણ શુષ્ક રહેવાની સંભાવના છે. લઘુત્તમ તાપમાન ૨૨ ડિગ્રી અને મહત્તમ તાપમાન 37 ડિગ્રી સેલ્સિયસ ની આસપાસ રહેવાની શક્યતાઓ છે.

# MAHA KUMBH SPECIAL TRAIN

પ્રયાગરાજ મહાકુંભમાં પશ્ચિમ રેલવેએ અમદાવાદ, રાજકોટ, વડોદરા, મુંબઈ, રતલામ સહિતના ડિવિઝનમાંથી વિશેષ ટ્રેનો દોડાવી 125 જેટલી ટ્રિપ કરી છે. જેમાં અંદાજે 1 લાખ 70 હજાર યાત્રિકોએ મુસાફરીનો લાભ લીધો છે.

ઉલ્લેખનીય છે કે પશ્ચિમ રેલ્વેની વિશેષ ટ્રેનોએ શ્રદ્ધાળુઓની અવરજવરને સરળ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આ વિશેષ ટ્રેનો પ્રયાગરાજ તેમજ નજીકના અન્ય રેલ્વે સ્ટેશનો સુધી દોડાવવામાં આવી હતી.

જૂનાગઢમાં આયોજિત "મહાશિવરાત્રી મેળા"માં મુસાફરોની ભીડમાં ભારે ઘટાડો થતાં, રેલ્વે વહીવટીતંત્રએ આજે રાજકોટ-જૂનાગઢ અને જૂનાગઢ-રાજકોટ "મહાશિવરાત્રી મેળા સ્પેશિયલ ટ્રેનો"ને રદ કરવાનો નિર્ણય લીધો છે.

# BOARD EXAM

રાજ્યભરમાં ગઈકાલથી ધોરણ 10 અને 12ની બોર્ડની પરિક્ષાઓ શરૂ થઈ ગઈ છે. બોર્ડ પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાઈ તે માટે તંત્ર દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે.

પંચમહાલ જિલ્લામાં ધોરણ ૧૦ માં 26 હજાર 136 , ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં 11 હજાર 848 અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૨ હજાર 65 વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે.

આણંદ જિલ્લા કલેક્ટર  પ્રવીણ ચૌધરીએ પણ ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓને ગુલાબનું ફૂલ આપી, મોંઢું મીઠું કરાવી આવકારી તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

ભરૂચ જિલ્લામાં ધોરણ  10 અને ધોરણ  12 બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓ સમયસર પોતાના પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચી શકે તે માટે ભરૂચ જિલ્લા ટ્રાફિક શાખા દ્વારા તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ટીમો બનાવવામાં આવી  છે. વિદ્યાર્થી ટ્રાફિક સમસ્યામાં ફસાઈ તો હેલ્પલાઈન નં. ૦૨૬૪૨- ૨૨૩૦૮૪ તેમજ ૦૨૬૪૨ - ૨૨૩૩૦૩ ઉપર કોલ કરવો.